આમ આદમી પાર્ટી દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન:

# વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેળવવામાં નડતી મુશ્કેલી દૂર કરવા અંગે માગ



(તસ્વીર: પરેશ ફલીયા)

જામનગર તા. ૨૭: વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેળવવામાં અનેક મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે, જે પ્રશ્ને આજે આમ આદમી પાર્ટી દ્વારા મુખ્યમંત્રીને ઉદ્દેશીને લખાયેલું આવેદનપત્ર જિલ્લા કલેક્ટરને પાઠવાયું હતું.

ડિજિટલ ગુજરાત પોર્ટલ પર માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક, શાળાના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની ઓનલાઈન દરખાસ્ત કરવામાં અનેક ટેકનિકલ અને વ્યવહારિક મુશ્કેલીઓ છે, જેના કારણે સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવું મુશ્કેલ છે, અને પાત્રતા ધરાવતા અનેક વિદ્યાર્થીઓ ડોક્યુમેન્ટ સમયસર રજૂ નહીં કરી શકવાના કારણે શિષ્યવૃત્તિથી વંચિત રહેવા સંભવ છે. આથી સરળતા માટે સોફ્ટવેરમાં સુધારા કરવા જરૂરી છે.

રાશન કાર્ડમાં વિદ્યાર્થીનું નામ હોવું એ પણ એમના પ્રિન્ટેડ કોડ સાથે હોવું અને આધાર કાર્ડ સાથે લીંક હોવું ફરજિયાત છે. ૯૦ ટકા કિસ્સામાં લીંક નથી. શાળાએ ડિજિટલ પોર્ટલ પર વિદ્યાર્થી દ્વારા એન્ટ્રી કરતા એનાલિસિસમાં જોવા મળ્યો છે કે ૨૦ ટકા વિદ્યાર્થીઓના રેશન કાર્ડ, નામ સામે કોડ નથી. પંચાયત મારફત પેનથી સુધારો કરી ઉમેરેલા છે. આધાર કાર્ડ-રાશન કાર્ડને લીંક બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન કરવાનું હોવાથી વિદ્યાર્થીઓ જાતે આધાર કાર્ડ સાથે લીંક મોબાઈલ સાથે ગ્રામ્ય કક્ષાએ કોમ્પ્યુટર ઓપરેટર પાસે જવું પડે છે, પરંતુ દરેક ગામમાં કોમ્પ્યુટર ઓપરેટર મળી શકે નહીં, અને આટલી મોટી સંખ્યામાં એક સાથે ઈ કેવાયસી શક્ય નથી. સર્વરની સમસ્યા પણ નડે છે.


એક વખત જાતિ પ્રમાણપત્ર માટે એક વખત આવકના દાખલા માટે એક ઈ-કેવાયસી માટે અનેક વખત બેંકમાં આધાર કાર્ડ લીંક માટે, આધારમાં સુધારા માટે, તાલુકા મથકે ફરજિયાત જવું પડે છે. આમ શિષ્યવૃત્તિમાં મળતી રકમમાંથી મહત્તમ રકમ આવા ધરમધક્કામાં ખર્ચાઈ જાય છે. આથી સમજુ વાલીએ શિષ્યવૃત્તિ લેવાનો જ ના પાડે છે.

શાળાએ માઈલ્ડ ટ્રેકીંગ સિસ્ટમ પર કરેલી ડેટા એન્ટ્રીને આધારભૂત ગણી તેમાં દર્શાવેલ જ્ઞાતિ અને આર્થિક કેટેગરીને ધ્યાને લઈ ડિજિટલ ટ્રાન્ઝેક્શનથી વિદ્યાર્થીઓના એકાઉન્ટમાં શિષ્યવૃત્તિ જમા આપવામાં આવે તો ખરેખર વિદ્યાર્થીઓ સાથે ન્યાય થશે. આથી આ બાબતે ગંભીરતાથી વિચારણા કરવી જોઈએ. તેવી માંગણી સાથે 'આપ' દ્વારા પાઠવાયેલ આવેદનમાં માંગણી રજૂઆત કરવામાં આવી છે.

આ સમયે 'આપ'ના શહેર પ્રમુખ રાજેન્દ્રસિંહ સોઢા, પ્રદેશ મંત્રી દર્ગેશ ગડલીંગ સહિતનાઓ જોડાયા હતાં.

જેલહવાલે કરવાનો અદાલતનો આદેશ:

# ખાખરડામાં વૃદ્ધની હત્યા કરવાના આરોપી પોલીસકર્મીના રિમાન્ડ પૂર્ણ



ખંભાળિયા તા. ૨૭: કલ્યાણપુરના ખાખરડા ગામમાં થોડા દિવસ પહેલાં એક વૃદ્ધની તેમના ખેતરે હત્યા થઈ હતી. તેની પોલીસે શરૂ કરેલી તપાસમાં ખંભાળિયાના એક પોલીસ કર્મચારીએ હત્યાને અંજામ આપ્યાનું ખૂલ્યું હતું. આરોપીના કાકા તથા પિતરાઈ ભાઈના ખેતર ફરતે કરવામાં આવેલી વાડમાંથી વીજ આંચકો લાગતા મૃત્યુ નિપજ્યાના બનાવનો ખાર રાખી આ હત્યા કરાઈ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે કર્મચારીની ધરપકડ કરાઈ હતી. તેના ત્રણ દિવસના રિમાન્ડ પૂર્ણ થતાં અદાલતે તેને જેલમાં મોકલી આપવાનો આદેશ કર્યો છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ખાખરડા ગામમાં વજુભા બનેસંગ જાડેજાની થોડા દિવસ પહેલાં હત્યા કરવામાં આવી હતી. બનાવના બે મહિના પછી પોલીસની ઉંડી તપાસ દરમિયાન ખંભાળિયાના પોલીસ મથકમાં ફરજ બજાવતા દશરથસિંહ રણુભા જાડેજાની ધરપકડ કરાઈ હતી.

મૃતક વૃદ્ધ પોતાના ખેતરે હતા ત્યારે તેઓની હત્યા કરી નખાઈ હતી. આરોપી દશરથ સિંહની શરૂ કરાયેલી પૂછપરછમાં ખૂલ્યા મુજબ થોડા વર્ષ પહેલાં વજુભાના ખેતર ફરતે મૂકવામાં આવેલા જીવંત વીજ કરંટના કારણે દશરથસિંહ જાડેજાના કાકા તથા કાકાના દીકરાના મૃત્યુ નિપજ્યા હતા. તે બનાવનો ખાર રાખી ઉપરોક્ત હત્યા કરવામાં આવી હોવાની કેફિયત મળી હતી.

પોલીસે હત્યામાં વપરાયેલી તલવાર કબજે કરી હતી. ત્રણ દિવસના રિમાન્ડ પર રહેલા આરોપીને ગઈકાલે રિમાન્ડની મુદ્દત પૂર્ણ થતાં અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો. તેને જેલમાં ધકેલી દેવાનો અદાલતે હુકમ કર્યો છે.

એક આસામીએ હાઈકોર્ટમાં કરી હતી પીટીશન:

# ડબ્બા ટ્રેડીંગના કેસમાં હાઈકોર્ટમાં ક્વોસિંગ પીટીશન: પ્રોસીડીંગ્સ સ્ટે

જામનગર તા. ૨૭: જામનગરમાં અઢી વર્ષ પહેલાં પોલીસે દરોડો પાડી એક આસામી સહિતના વ્યક્તિઓ સામે ગેરકાયદેસર રીતે શેર બજારનો ડબ્બો ચલાવવા અંગે ગુન્હો નોંધ્યો હતો. તે આરોપ સામે હાઈકોર્ટમાં ક્વોસિંગ પીટીશન કરી સેશન્સ કોર્ટના પ્રોસીડીંગ્સ સ્ટે કરવાની માગણી કરાતા વડી અદાલતે પ્રોસીડીંગ્સ સ્ટેનો હુકમ ફરમાવ્યો છે.

જામનગરમાં વર્ષ ૨૦૨૨ ના ફેબ્રુઆરી મહિનામાં સિટી એ ડિવિઝન પોલીસે ગેરકાયદે સ્ટોક એક્સચેન્જ ઉભુ કરી શેરબજારનો ચલાવાતો ડબ્બો પકડી પાડ્યો હતો અને સુધીર લીલાધરભાઈ પંચમતીયા વગેરે સામે ગુન્હો નોંધી અદાલતમાં ચાર્જશીટ કર્યું હતું.

તે ગુન્હા અંગે હાઈકોર્ટમાં સુધીર પંચમતીયા દ્વારા ક્વોસિંગ પીટીશન કરવામાં આવી હતી. તેમાં જામનગરની અદાલતમાં પ્રોસીડીંગ્સ પણ સ્ટે કરવા માગણી કરાઈ હતી. વડી અદાલતે સેશન્સ કોર્ટના પ્રોસીડીંગ્સ સ્ટે કરવાનો હુકમ કર્યો છે. સુધીર પંચમતીયા તરફથી હાઈકોર્ટમાં વકીલ પ્રેમલ રાચ્છ તથા જામનગરમાં વકીલ વિરલ રાચ્છ, સોહિલ બેલીમ, હર્ષીલ રાબડીયા, વાશ્રી શેઠ રોકાયા છે.

# રાજકોટના પ્રખ્યાત પ્રોક્ટોલોજીસ્ટ ડો. વેકરીયાની સુશ્રુત પાઈલ્સ હોસ્પિટલનો ૩૯મા વર્ષમાં મંગલ પ્રવેશ




ડો. એમ.વી. વેકરીયાએ ૩૮ વર્ષથી માનવતાસભર ઉત્તમ, સરળ અને ઉત્કૃષ્ટ સારવારના ધ્યેય દ્વારા ગુજરાતમાં નામના મેળવી છે. તેઓએ મળમાર્ગના જટીલ દર્દોથી પીડાતા દર્દીઓને રાહત પહોંચાડવા માટે જાપાનીઝ જર્મન તેમજ અમેરિકન એડવાન્સ્ડ ટેકનોલોજી સાથે આપણા પ્રાચીન આયુર્વેદ ક્ષારસૂત્ર અને પોતાના અનુભવના સુભગ સમન્વય વડે સારવારથી લાખો દર્દીઓને નિરામય જીવનની ભેટ સતત પ્રદાન કરતા રહ્યા છે.

